## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



લો, આ ઇયરપ્લગ, આકાએ તમારા માટે મોકલ્યા છે... ભારત તરફથી હુમલાનાં જવાબમાં ભયંકર બયાન-બાજી થવાની સંભાવના છે...!!

# માર્ગ-મકાન વિભાગમાં મદદનીશ ઈજનેરોને બઢતી મળશે

**નાયબ કાર્યપાલક ઈજનેરની ૫૦ ટકા જગ્યા ખાલી છેલ્લા ૩૦ વર્ષથી મદદનીશ ઈજનેરોને બઢતી અપાઈ નથી : બઢતીની ફાઈલ મુવ થતા ઈજનેરોમાં ખુશીનો માહોલ**

ગાંધીનગર તા ૫

માર્ગ મકાન વિભાગમાં નાયબ કાર્યપાલક ઈજનેરની ૫૦ ટકા જગ્યા ખાલી છે. ત્યારે છેલ્લા ૩૦ વર્ષથી મદદનીશ ઈજનેર તેમજ અધિક મદદનીશ ઈજનેરને બઢતી મળી નથી. જયારે આ અધિકારીઓની બઢતીની ફાઈલ જી પી એસ સીમાંથી કલિયર થતા ટુંકમાં જ અધિકારીઓને બઢતીના મામલે થતો અન્યાય દુર થાય તેવી સંભાવના છે. માર્ગ મકાન મંત્રી દ્વારા પણ ઈજનેરોની બઢતી અંગે ટુંકમાં વિચારણાના આધારે નિર્ણય લેવાય તેની શકયતા છે.

રાજયના માર્ગ મકાન વિભાગમાં ફરજ બજાવતા મદદનીશ ઈજનેરો તેમજ અધિક મદદનીશ ઈજનેરોને છેલ્લા ૩૦ વર્ષથી બઢતી મળી નથી જયારે હાલની સ્થિતિએ વિભાગમાં નાયબ કાર્યપાલક ઈજનેરની ૫૦ ટકા જગ્યા ખાલી છે. છેલ્લા ઘણાં સમયથી નિવૃતિના દૌર બાદ વિભાગમાં મેન પાવરના નામે મીંડુ હોવાનુ પણ ચિત્ર ઉપસી આવ્યુ છે. આવા સંજોગોમાં વિકાસ કામો તેમજ વહીવટી કામગીરી પણ વિપરિત અસર થતી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. પાટનગર યોજના ભવનમાં પણ આવી જ સ્થિતિ છે. જેના પરિણામે આમ નાગરિકોની રજુઆત સાંભળવા માટે પણ કોઈ ન હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે મોટાભાગની જગ્યાઓ પણ ચાર્જમાં ચાલે છે. આવા સંજોગોમાં નવી ભરતી તેમજ બઢતીની પ્રક્રીયા માટે કર્મચારીઓ તેમજ વિભાગના ઉચ્ચ અધિકારીઓમાં પણ ઈન્તજાર સેવાઈ રહયો છે. ત્યારે ટુંકમાં જ ત્રણ દાયકાના લાંબા સમયના અંતે વિભાગમાં મદદનીશ ઈજનેરોને બઢતી આપવાની પ્રકીયા હાથ ધરવામાં આવે તેવી શકયતા છે. જી પી એસ સીમાંથી આ ફાઈલ કલીયર થતા બઢતી ઈચ્છુક કર્મચારીઓમાં પણ ખુશીનો માહોલ છવાયેલો છે. ૭ મદદનીશ ઈજનેર સામે ૪ નાયબ કાર્યપાલક ઈજનેરને બઢતી આપવામાં આવે તે મુજબના નિયમને ધ્યાને લઈ માર્ગ મકાન મંત્રી કક્ષાએથી પણ વિચારણા હાથ ધરવામાં આવે તેવી સંભાવના છે. જેના લીધે બઢતીના મામલે મદદનીશ ઈજનેરોનો લાંબા સમયથી થતો અન્યાય દુર થાય તેવી શકયતા છે.

## ખૂણે ખાંચરેથી...

● ગુણોત્સવની તૈયારીમાં વ્યસ્ત બનેલા શિક્ષણ વિભાગના અધિકારીઓએ આજે જિલ્લાની કેટલીક શાળાઓની મુલાકાત લઈ તૈયારીઓની સમીક્ષા કરી હતી.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આસિ. આર.એમ.ઓ. ડૉ. ચૌહાણ તથા ડૉ. કલ્પેશ જશપરા અને અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. પિયુસ પટેલ અને તેમની ટીમના સભ્યો સાથે ડિઝાસ્ટર મેનેજમેન્ટની તાલિમમાં ગયા છે.

● ધો. ૬ થી ૮ માટે ગણિત-વિજ્ઞાનના વિદ્યાસહાયકોની ભરતી માટે ગાંધીનગર જિલ્લા પંચાયતના રિસીવીંગ સેન્ટર પર ૧૭૯૩ અરજીઓ મળી છે.

● ગાંધીનગર શહેરમાં આજકાલ તુવેર ટોઠા અને હળદરીયા માટે ઠેર ઠેર પાર્ટીઓના મેનુમાં સ્થાન લીધું છે.

● ગાંધીનગર શહેરમાં આગામી દિવસોમાં એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટો નાંખવાની કામગીરી શરૂ કરાશે.

● અમદાવાદ ખાતે આજે યોજાયેલી દમન પ્રતિકાર રેલીમાં શહેર-જિલ્લાના એક હજારથી વધુ કાર્યકરો જોડાયાનો દાવો કોંગ્રેસના આગેવાનો કરી રહ્યા છે.

● ગાંધીનગર શહેરમાં મહિલાઓ પર અત્યાચારના કેસો વધુ નોંધાઈ રહ્યા છે.

# સિવિલ પાર્કીંગમાં રાત્રીના સમયે અસામાજીક તત્વોનો અડ્ડો

**પાર્કીંગના માણસોને નબિરાઓ ધમકાવે છે અને ગાડીઓ ધુમ સ્ટાઈલે હંકારે છે**

ગાંધીનગર તા,૫

સિવિલ કેમ્પસમાં આવેલ પાર્કીગ એરીયામાં અસામાજીક તત્વો અડ્ડો બની બેઠા હોય છે. રાત્રીના સુમારે શહેરના કેટલાંક નબિરાઓ પાર્કીગમાં દારુની મહેફીલ માણતા નજરે પડે છે. આ નબિરાઓને સિક્યુરીટી ગાર્ડ અને પાર્કીગના માણસો હાંકવાનો પ્રયત્ન કરે તો આ નબિરાઓ ગાંઠતા નથી. જયારે નશામાં ચુર થઈ પાર્કીગમાં ધુમ સ્પીડે ગાડી હંકારી અન્ય વાહનચાલકોને મુશ્કેલી ઉભી કરે છે. પોલીસ તંત્ર દ્વારા પાર્કીગ એરીયાને નબીરાઓથી મુક્ત કરવામાં આવે તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. મુલાકાતીઓના વાહનો મુકવા માટે પાર્કીગ એરીયા બનાવાયો છે. પરંતુ આ પાર્કીગ એરીયા દિવસ દરમિયાન દર્દીના સગાના વાહનો પાર્ક કરે છે. જયારે સાંજ ઢળતા પાર્કીગ એરીયા ખાલીખમ જોવા મળે છે ગણતરીની ગાડીઓ પાર્ક હોય છે જેને કારણે શહેરના નબિરાઓ રાત્રીના સુમારે સેફ જગ્યા સિવિલ પાર્કીગને ગણતા હોય તેમ અહીં ગાડી પાર્ક કરી દારુની મહેફીલો માણે છે. જો પાર્કીગના માણસો કઈ પણ કહેવા જાય તો દાદાગીરી કરીને તુ મને ઓળખતો નથી તેવુ કહેતા નજરે પડે છે. જયારે નોકરી કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા સિકયુરિટી ગાર્ડ અને પાર્કીગમાં કામ કરતા ગરીબ માણસનો અવાજ આ નબીરાઓ દબાઈ દે છે. નગરના નબિરાઓ સાંજ ઢળતા જ પાર્કીગમાં આવી પહોંચે છે. અસામાજીક તત્વો સિગારેટના કસ સાથે મહેફીલ માણી ગાડીઓ દોડાવી અન્ય લોકોને નડતરરુપ બની રહ્યા છે. પાર્કીગને રાત્રીના સુમારે નબિરાઓ જાણે બાનમાં લેતા હોય તેવું લાગી રહ્યું છે. નબિરાઓના ત્રાસથી કેમ્પસમાં સૌ કોઈ કંટાળી ગયા છે. પાર્કીગ એરીયાને નબિરાઓથી મુકત કરવામાં આવે તેવુ લોકો ઈચ્છી રહ્યા છે.



શહેરમાં બનતા વાહન ચોરીના બનાવો અટકાવવા માટે એએસપી કરણરાજ વાઘેલાના માર્ગદર્શન હેઠળ શહેરમાં વ્હીકલ સ્કોડની રચના કરવામાં આવી છે. આ સ્કોર્ડમાં પી.એસ.આઈ. વી.યુ. ગડરીયા, ધીરેન્દ્રસિંહ, સંજયસિંહ, કનકસિંહ, સેતાનસિંહ વગેરા ટીમે પેટ્રોલિંગ દરમિયાન ચોરીના બે મોટર સાયકલ સાથે બે કિશોરને પકડી પાડ્યા હતા. આથી ટીમને વાહન ચોરીના ગુનાનો ભેદ ઉકેલવા સફળતા મળી છે.



ગાંધીનગર કલેકટર કચેરીમાં કોર્ટ રૂમની નવી સુવિધા ઉભી કરવામાં આવી છે. વીસ લાખથી પણ વધુના ખર્ચે તૈયાર કરાયેલ આ કોર્ટરૂમને આજે જિલ્લાના પ્રભારી સચિવ શ્રી એમ. એસ. ડાગુરના હસ્તે ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. હવે કલેકટર કચેરી હસ્તકના કેસોનું હિયરીંગ આ કોર્ટ રૂમમાં થશે.

# ગાંધીનગર ખાતે ગુજરાત એગ્રો દ્વારા "કૌશલ્ય વર્ધન તાલીમ કાર્યક્રમ" યોજાયો

ગાંધીનગર, તા. ૫

આવક વધારવા રાજ્યના ખેડૂતો જૈવિક ખાતર અને ટપક સિંચાઈનો મહત્તમ ઉપયોગ કરે તેમ આજે ગાંધીનગર ખાતે ગુજરાત એગ્રો આયોજિત કૌશલ્ય વર્ધન તાલીમ કાર્યક્રમનો પ્રારંભ કરાવતા કૃષિ મંત્રીશ્રી બાબુભાઈ બોખિરિયાએ જણાવ્યુંહતું. ખેડૂતો રાસાયણિક ખાતરના ઉપયોગના બદલે જૈવિક ખાતરનો મહત્તમ ઉપયોગ કરે તે સમયની માંગ છે. જૈવિક ખાતરથી જમીનની ગુણવત્તા વધે છે અને ઉત્પાદન વધુ મળે છે. ખેડૂતોએ આધુનિક ખેતીની સાથે સાથે પશુપાલનને મહત્વ આપવું જોઈએ. આર્થિક સદ્ધરતા માટે માત્ર નોકરી ઉપર જ આધાર રાખવો જોઈએ નહી. કૃષિ ક્ષેત્રમાં રોજગારીની અપાર તકો રહેલી છે. એગ્રો સેન્ટરની સાથે સાથે ખેડૂતોને કૃષિ યુનિવર્સિટીના સંશોધન કેન્દ્રો સાથે પણ જોડી માહિતગાર કરવા જોઈએ. કૃષિ યુનિવર્સિટીમાં કરવામાં આવતા નવા ખેતી વિષયક શોધોનો મહત્તમ લાભ ખેડૂતો મેળવે તે જરૂરી છે તેમ પણ મંત્રીશ્રી ઉમેર્યું હતું.

ગુજરાત એગ્રોના ચેરમેનશ્રી બાબુભાઈ જેબલિયાએ જણાવ્યું હતું કે ગુજરાત એગ્રો દ્વારા ખેડૂતોને કૃષિ ઈનપુટ્સ અને કૃષિ વિષયક સેવાઓ ખેડૂતો સુધી પહોંચે તે હેતુથી એગ્રી બીઝનેસ સેન્ટર અને એગ્રી સર્વિસ સેન્ટરના માધ્યમથી છેવાડાના ખેડૂત સુધી પહોંચવા માટેના માળખું સમયાંતરે ગોઠવવામાં આવ્યુંછે.

ગુજરાત એગ્રોના એમ.ડી. શ્રી કે.એસ. રંધાવાએ સ્વાગત પ્રવચન કર્યું હતું તેમજ કાર્યક્રમનું સફળ સંચાલન અને આભાર વિધિ ગુજરાત એગ્રોના ખાસ ફરજ પરના અધિકારી શ્રી અનિલ પટેલ દ્વારા કરવામાં આવી હતી.

આ પ્રસંગે કૃષિના અગ્ર સચિવશ્રી અરૂણકુમાર સોલંકી, ખેતી નિયામક ડૉ. બી.આર. શાહ, એજીએમ શ્રીમતી હેતલબેન દેસાઈ સહિત મોટી સંખ્યામાં એગ્રો સેન્ટરના ધારકો ઉપસ્થિત રહ્યા હતા.




ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન આયોજિત એગ્રી સર્વિસ સેન્ટર અને એગ્રી બિઝનેસ સેન્ટર ધારકોના એક દિવસીય કૌશલ્ય વર્ધન તાલીમ વર્ગમાં મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે ખેડૂતોને વધુને વધુ સમૃદ્ધ બનાવવા ખેતીને પ્રોત્સાહન આપવું જરૂરી છે.

## જિલ્લાનો શાળાકીય રમતોત્સવ ભાદોલ ખાતે ૧૨મીએ યોજાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓનો જિલ્લા કક્ષાનો રમતોત્સવ આગામી ૧૨મી જાન્યુઆરીના રોજ કલોલ તાલુકાના ભાદોલ ખાતે યોજાશે.

આ જિલ્લા કક્ષાના રમતોત્સવમાં બાળકો અને શિક્ષકો પણ ભાગ અલગ-અલગ વિભાગમાં લેશે. જિલ્લા કક્ષાના આ રમતોત્સવમાં ૬૧૬ બાળ રમતવીરો અને ૭૪ શિક્ષિકો તેમનું રમત કૌશલ્ય દાખવી અને વિજયને પ્રાપ્ત કરશે.

બાળકો માટે સાંધિક રમતોમાં કબડ્ડી, ખો-ખોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત યોગાસન, દોડ, ગોળાફેંક, ચકફેંક, લાંબીકૂદ અને ઊંચીકૂદની રમતો છે. શિક્ષકો માટે ગોળાફેંક, ચકફેંક, દોડ, લાંબીકૂદ અને ઊંચી કૂદની સ્પર્ધાઓ થશે.

આ એક દિવસીય રમતોત્સવ માટેની તૈયારીઓ કલોલ તાલુકા દ્વારા આરંભી દેવામાં આવી છે. આ જિલ્લા કક્ષાના રમતોત્સવમાં બ્લોક અને તાલુકા કક્ષાએ વિજેતા બનેલા રમતવીરો ભાગ લેવાના છે.



સેક્ટર-૩-એ-ન્યુના રાધે મહિલા મંડળ દ્વારા મકરસંક્રાંતિ પર્વ નિમિત્તે કૂતરાઓ માટે ૭૦ કિલો લાડુ તૈયાર કરાયા હતા.

## સ્વામિ વિવેકાનંદની ૧૫૪મી જન્મજયંતિ, વિધાનસભા ખાતે પુષ્પાંજલિ અપાશે

ગાંધીનગર, તા. ૫

ગુજરાત વિધાનસભાના મકાન વિઠ્ઠલભાઈ પટેલ ભવનમાં પ્રથમ માળે આવેલ પોડિયમમાં શ્રી સ્વામી વિવેકાનંદના ૧૫૪માં જન્મદિવસ નિમિત્તે તેમના તૈલચિત્રને પુષ્પાંજલિ આપવાનું અધ્યક્ષશ્રીએ નક્કી કર્યું છે.

આથી મંગળવાર તા. ૧૨-૧-૨૦૧૬ના રોજ સવારના ૧૧.૦૦ કલાકે પુષ્પાંજલિ આપવા માટે ઉપસ્થિત રહેવા જાહેર જનતાને ગુજરાત વિધાનસભા દ્વારા વિનંતી કરાઈ છે.

# આરજી પટેલ કન્યા શાળામાં યુવક મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના સે. ૨૩ ખાતે સર્વ વિદ્યાલય સંકુલની આર.જી. માધ્યમિક અને એસ.વી. પટેલ કન્યા ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં પૂ. દાસકાકા યુવક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યુવક મહોત્સવમાં મહેંદી સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, એક પાત્રિય અભિનય સ્પર્ધા, નાટક તથા સોલોડાન્સ વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૦ વિદ્યાર્થીનીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ડીઈઓ કચેરીના નિરિક્ષક નેન્સીબેન ગુપ્તા મુખ્ય મહેમાન પદે ઉપસ્થિત રહ્યા હતા.



પૂ. દાસકાકા યુવક મહોત્સવમાં રંગોળી સ્પર્ધામાં માધ્યમિક વિભાગમાં ધો. ૧૦-એની સ્નેહી પટેલ પ્રથમ ક્રમાંકિ, ધો. ૯-બીની પ્રિયા પટેલ દ્વિતિય ક્રમાંકે, ધો. ૯-એની આશા ડામોર તૃતીય ક્રમે તથા ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ધો. ૧૧-બીની પૂજા મચ્છાર પ્રથમ ક્રમાંકે, ધો. ૧૧-સીની શ્રુતિ મોજીદરા દ્વિતિય ક્રમાંકે અને ધો. ૧૧-ડીની વિભુતિ ચૌહાણ તૃતીય ક્રમે વિજેતા બની હતી. મહેંદી સ્પર્ધામાં માધ્યમિક વિભાગમાં ધો. ૧૦-ઈ જીનલ પટેલ પ્રથમ ક્રમાંકે, ધો. ૧૦-બીની જ્યોતિ ચાવડા દ્વિતિય ક્રમાંકે, ધો. ૯-એ ની રીયા પટેલ તૃતીય ક્રમાંકે તથા ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ધો. ૧૧-બીની અંજલિ સૂર્યવંશી પ્રથમ ક્રમાંકે, ધો. ૧૧-સીની હિરલ પટેલ દ્વિતિય ક્રમાંકે અને ધો. ૧૨-ડીની દક્ષા બોટાદરા તૃતીય ક્રમાંકે વિજેતા બની હતી. એક પાત્રીય અભિનયમાં માધ્યમિક વિભાગમાં ધો. ૯-સીની વાગ્મી જોષી પ્રથમ, ધો. ૯-ડીની સપના વાઘેલા દ્વિતિય તથા ધો. ૯-એની રીંકલ પંચોલી તૃતીય સ્થાને વિજેતા બન્યા હતા. નાટક સ્પર્ધામાં માધ્યમિક વિભાગમાં ધો. ૯-ઈની હેત્વી પટેલ પ્રથમ, ખુશ્બુબા ઝાલા દ્વિતિય અને સના સૈયદ તૃતીય સ્થાને તથા ઉચ્ચત્તર માધ્યમિકમાં ધો. ૧૨-જીની ભૂમિકા ત્રિવેદી પ્રથમ, હીના મહેતા દ્વિતિય અને દિવ્યા સોલંકી તૃતીય સ્થાને વિજેતા બન્યા હતા. નૃત્ય સ્પર્ધામાં માધ્યમિક વિભાગમાં ધો. ૧૦-બીની ભક્તિ રામાનુજ પ્રથમ, ધો. ૧૦-ડીની દેવાંશી ઠાકોર દ્વિતિય, ધો. ૯-સીની પ્રિયલ દવે તૃતીય અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં ધો. ૧૧-જીની દિવ્યા વૈષ્ણવ પ્રથમ, ધો. ૧૧-ઈની ખુશી રાવલ દ્વિતિય તથા ધો. ૧૧-એફની જયનબ હડા તૃતીય સ્થાને વિજેતા બન્યા હતા. શાળાના આચાર્યા સુધાબેન પટેલે તમામ વિજેતાઓને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન નીશાબેન પટેલે કર્યું હતું.



ગાંધીનગર શહેરના સેક્ટર-૧૩ ખાતે ગોપી મહિલા મંડળ દ્વારા આયોજીત ભાગવત કથામાં આજે વામન અવતાર રામજન્મ તેમજ કૃષ્ણ અવતારનો પ્રસંગ દર્શાવ્યો હતો. આ પ્રસંગમાં જીયા ઉમંગ પાનવાલા બાલી તેમજ જતીન હાર્દિક ઉપાધ્યાયે બ્રાહ્મણનું પાત્ર ભજવી કથામાં હાજર ભાવિ ભક્તોને મંત્રમુગ્ધ કર્યા હતા. કથા માણવા મોટી સંખ્યામાં નગરજનો હાજર રહ્યા હતા.

# આપત્તિ વ્યવસ્થાપન અંગે વર્કશોપ યોજાયો

ગાંધીનગરમાં ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન સત્તા મંડળ દ્વારા કલેકટર કચેરીના ઈમરજન્સી રીસ્પોન્સ સેન્ટરના સંયુકત ઉપક્રમે જિલ્લા પ્રોજેકટ ઓફિસર વર્ષાબેન પટેલના માર્ગદર્શન હેઠળ સુઘડ ગામની પ્રાથમિક શાળા અને નભોઈ ગામની વૃંદાવન આશ્રમ શાળામાં વર્કશોપ યોજવામાં આવ્યો હતો. આ વર્કશોપમાં શાળાના બાળકોને આફત સમયે શું કરવું અને શું ન કરવું તે અંગે મહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટીના સ્કુલ ઓફ લિબરલ સ્ટડીઝમાં અભ્યાસ કરતા સુહાગ પટેલ, ધ્રુવ મહેતા, દીપક ઝા, જયોતિ સીંગ, કૃતિ પંડિત, પૂજા વરયાની વગેરે દ્વારા પોસ્ટર શૉ અને વિડીયો શૉ દ્વારા આપત્તિ વ્યવસ્થાપન અંગે સમજ અપાઈ હતી તથા ગાંધીનગર ફાયરબ્રિગેડ દ્વારા અગ્નિશામક સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો તે અંગે સમજ આપવામાં આવી હતી.



## અમદાવાદ વણકર સેવા સમાજના સમૂહલગ્ન સમારોહનું આયોજન

અમદાવાદ વણકર સેવા સમાજ શાહીબાગ દ્વારા આગામી દિવસોમાં અમદાવાદ ખાતે સમૂહલગ્ન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમૂહ લગ્નમાં ભાગ લેવા ઈચ્છતા સમાજના તમામ ગોળ પરગણાઓએ જરૂરી મહિતી તેમજ નિયત નમૂનાના ફોર્મ ભરવા અંગે સંસ્થાના પ્રતિનિધિ દશરથલાલ પરમારના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૪૦/૨, સેકટર-૭-બીનો સંપર્ક કરવા જણાવ્યું છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧